# “શિવ અવરણથી સ્વર્ણિમ ભારત “અંતર્ગત રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં કિસાન સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે મહેસાણા ખાતે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સ્વર્ણિમ મહોત્સવ પ્રસંગે કિસાન સંમેલનમાં જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી સમૃદ્ધ અને આત્મનિર્ભર ગામડાઓનો આધાર બનવાની છે. પૌરાણિક ગ્રામ વ્યવસ્થા માટે ગામડાઓએ આત્મનિર્ભર કૃષિની દિશામાં આગળ વધવા તેમણે અનુંરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતો અને ખેતીને સમૃધ્ધ કરવા પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે અને પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવા અનુરોધ કર્યો છે, જેને સાકાર કરવા ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ જનઅભિયાન ઉપાડ્યું છે. જેના પરીણામ સ્વરૂપે રાજ્યમાં સવા ત્રણ લાખ જેટલા ખેડૂતો આ અભિયાનમાં જોડાયા છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે પ્રાકૃતિક કૃષિ પશુધન વિના શક્ય નથી. પ્રાકૃતિક કૃષિ માટે દેશી નસલની ગાયનું સૌથી વધુ મહત્વ છે. તેમણે જણાવ્યું હતું કે દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણું હોય છે જે જમીનની ફળદ્રુપતા વધારવામાં સહાયભૂત થાય છે.

પ્રાકૃતિક કૃષિના મૂળભૂત સિધ્ધાંતોને સમજાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે પ્રાકૃતિક કૃષિમાં ગાયના છાણ, ગૌ-મુત્રથી બનતા બીજામૃતથી બીજને સંસ્કારિત કરવામાં આવે છે. જેથી સ્વસ્થ બીજ દ્વારા ઝડપી અંકુરણ થાય છે.

ગાયના છાણ-ગૌ મૂત્ર, દાળનું બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત-ઘનજીવામૃત સૂક્ષ્મજીવોની વૃદ્ધિ માટે કલ્ચર સ્વરૂપે કાર્ય કરે છે. આ પદ્ધતિમાં કૃષિ અવશેષોથી જમીનને ઢાંકવામાં આવે છે જેને મલ્ચીંગ કહેવાય છે. મલ્ચીંગને કારણે જમીનનું ઊંચા તાપમાન સામે રક્ષણ થાય છે, જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે, જેથી પાણીની જરૂરિયાત ઓછી થાય છે. મલ્ચીંગથી નિંદામણની સમસ્યાનો હલ થાય છે. જમીનને ઢાંકવાથી અળસિયાં જેવા મિત્ર જીવોને દિવસ દરમિયાન કાર્ય કરવાનું વાતાવરણ મળે છે.

# આ વર્ષે ગરમીના તમામ રેકોર્ડ તૂટશે

## હવામાન વિભાગની ઘાતક આગાહી : હાલમાં મહતમ તાપમાનનો પારો એક ઝાટકે ૩ ડિગ્રી જેટલો ઉંચે ચડીને ૪૦.૩ ડિગ્રીએ પહોંચતાં આકરો તાપ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં ગરમી આ વર્ષે તેના તમામ રેકોર્ડ તોડે તેવી



શક્યતા દેખાઈ રહી છે. ફેબ્રુઆરી મહિનાથી જ ગરમીએ રેકોર્ડ તોડવાની શરૂઆત કરી દીધી છે. અમદાવાદમાં પાછલા વર્ષો કરતા વધુ તાપમાન નોંધાયું છે. ભુજમાં પણ ગરમીનો રેકોર્ડ તૂટ્યો છે. આજે સૌથી વધુ તાપમાન ભુજમાં ૩૯.૫ ડિગ્રી નોંધાયું છે. ગાંધીનગર, નલિયા, રાજકોટ, વલસાડ, ડાંગ, જૂનાગઢમાં તાપમાન ૩૮ ડિગ્રીની આસપાસ પહોંચી ચૂક્યું છે. ગ્રીન સીટી કહેવાતા ગાંધીનગરના અમદાવાદ કરતા પણ વધુ તાપમાન નોંધાયું છે.

અમદાવાદમાં આજનું તાપમાન ૩૭.૮ ડિગ્રી નોંધાયું છે. ગત વર્ષે ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં મહત્તમ ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ વર્ષે ફેબ્રુઆરીના બે અઠવાડિયા બાદ જ પાછલા વર્ષોના રેકોર્ડ તૂટ્યા છે. હવામાન વિભાગના અધિકારી પ્રીતિ શર્માએ જણાવ્યું હતું કે,ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ મહતમ તાપમાન ધીમે ધીમે ઊંચકાઈ રહ્યો હતો અને હાલમાં મહતમ તાપમાનનો પારો એક ઝાટકે ૩ ડિગ્રી જેટલો ઉંચે ચડીને ૪૦.૩ ડિગ્રીએ પહોંચતાં આકરો તાપ વરસ્યો હતો.

ગ્લોબલ વોર્મિંગના કારણે કલાઈમેન્ટ બદલાઈ રહ્યું છે અને ખરેખર જે તાપમાન હોવું જોઈએ. ભુજમાં તેના કરતાં વિપરીત નોંધાઈ રહ્યું છે અને છેલ્લાં કેટલાક વર્ષોનો રેકોર્ડ તૂટ્યો છે.સામન્ય રીતે ફેબ્રુઆરી મહિનામાં ૩૫ ડિગ્રી જેટલો તાપમાન નોંધાતો હોય છે જ્યારે આ વર્ષે ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હજુ પણ આગામી ૨ દિવસ સુધી મહતમ તાપમાન ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે જળવાઈ રહેશે અને ત્યાર બાદ ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઓછું થશે.

સવારે અને રાત્રે ઠંડીના ચમકારા સાથે દિવસે બફારાના વાતાવરણના કારણે વિષમતા સર્જાતા શરદી ઉધરસ કફ તેમજ માતાના દુખાવો અને અંગ જકડાઈ જવા જેવી તકલીફો જોવા મળી રહી છે. ૧૧ વર્ષમાં ફેબ્રુઆરી મહિનામાં અનુભવાયેલી ગરમીનો વિક્રમ તૂટ્યો છે. વર્ષ ૨૦૧૭ની ૧૯ ફેબ્રુઆરીએ જિલ્લા મથક ભુજમાં મહતમ તાપમાન ૩૯ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૧૧ વર્ષના સમયગાળામાં ભુજમાં ફેબ્રુઆરીમાં રેકોર્ડ બ્રેક ગરમી નોંધાઈ છે.

કચ્છમાં એક બાજુ સવારે અને મોડી સાંજે લોકો ઠંડક અનુભવી રહ્યા છે ત્યારે બીજી બાજુ બપોરના ૧૧ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી લોકો ગરમી નો પ્રકોપ સહી રહ્યા છે અને આ તો હજુ ફેબ્રુઆરી મહિનો છે ત્યારે ૪૦ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાઈ રહ્યું છે.

હજુ તો જેઠ અને વૈશાખ જેવા ઉનાળાના મુખ્ય મહિનાઓ બાકી છે અને તાપ વરસી રહ્યો છે તો આવનારા દિવસમાં ઉનાળો કેટલો આકરો બનશે. ભુજ સમગ્ર રાજ્યમાં ગરમ મથક બની ગયું હતું.

છેલ્લાં અઠવાડિયાથી ભુજમાં મહતમ તાપમાન ૩૬ ડિગ્રીથી ૪૦ ડિગ્રી જેટલું નોંધાઈ રહ્યું છે. સૂકા રણપ્રદેશ એવા સરહદી જિલ્લા કચ્છમાં અબડાસા તાલુકાના નલિયામાં ઠંડીનો ચમકારો વધુ હોય છે તો આ વખતે જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન વધુ નોંધાતા લોકોને ગરમી નો પ્રકોપ સહન કરવો પડી રહ્યો છે.

# દુનિયાનો પહેલો દિવ્યાંગ ઓલ્ડ એજ રિસોર્ટ ભરૂચમાં બનશે

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુર્હુત : ભરૂચમાં નર્મદા નદી કિનારે ઝઘડિયાના ઉંચેડિયા ગામે ગુમાનદેવ મંદિર સામે સાડા ૯ વીંઘામાં કરોડોના ખર્ચે આકાર લેવા જઈ રહ્યો છે





ભરૂચ,તા.૧૯

ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ઉચેડીયા ગામ નજીક નિર્માણ પામનાર દેશના પ્રથમ દિવ્યાંગ વૃધ્ધાશ્રમનું રાજ્યના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું.

દિવ્યાંગ વૃદ્ધો માટેનો રિસોર્ટ ભરૂચમાં નર્મદા નદી કિનારે ઝઘડિયાના ઉંચેડિયા ગામે ગુમાનદેવ મંદિર સામે સાડા ૯ વીંઘામાં કરોડોના ખર્ચે આકાર લેવા જઈ રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે આ પ્રકલ્પનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરૂચ જિલ્લાના ધારાસભ્યો રિતેશ વસાવા, ઈશ્વરસિંહ પટેલ, રમેશ મિસ્ત્રી, ડી.કે.સ્વામી, પદ્મશ્રી કનુ ટેલર, કલેક્ટર તુષાર સુમેરા, જિલ્લા પોલીસ વડા ડો.લીના પાટીલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ, ગુજરાત, દેશ અને દુનિયામાં વૃદ્ધો, અનાથ, ગરીબો માટે તો અનેક આશ્રમો આવેલા છે. પણ દિવ્યાંગ વૃદ્ધ માટે કોઈ વૃદ્ધાશ્રમ નથી. જેને રિસોર્ટ તરીકે આકાર આપી પ્રભુના ઘર તરીકે નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય સુરતના પદ્મશ્રી કનુભાઈ ટેલર કરવાના છે.

ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ એવા પદ્મશ્રી કનુભાઈ ટેલર ૨૦૦ દિવ્યાંગ વૃદ્ધ નિઃશુલ્ક રહી શકે તે માટે આ વિશ્વનો પહેલો દિવ્યાગ વૃદ્ધાશ્રમ બનાવી રહ્યાં છે. જેમાં સ્વિમિંગ પુલ, ગેમ ઝોન, સહિતની ૪૯ જેટલી આધુનિક સુવિધા અને સવલતો છે.

# ઘરમાં રમતી છ વર્ષની બાળકી પર ટીવી પડતા મોત

મોરબી, તા.૧૯

રમત-રમતમાં અચાનક એવી ઘટનાઓ પણ બનતી હોય છે જેના કારણે આખી જિંદગી પછતાવાનો વારો આવે છે તો ક્યારેક બાળકોમાં એવી રમતા રમતા એવી દુખદ ઘટનાનો ભોગ બની જાય છે જેના કારણે માતા-પિતાના માથે આભ તૂટી પડે છે. આવો જ એક કિસ્સો મોરબીના કાલિકા પ્લોટમાં રહેતા મોસીન હારૂન કુરેશીની છ વર્ષની દીકરી માહીનુર સાથે બન્યો છે. જેના માથે ટીવી પડતા છ વર્ષની બાળકીનું મોત નિપજ્યું છે.

મોરબીના કાલિકા પ્લોટમાં રહેતા મોસીન હારૂન કુરેશીની છ વર્ષની દીકરી માહીનુર પોતાના ઘરે રમતી હતી. ત્યારે રમતા-રમતા અચાનક છ વર્ષની બાળકીના માથા પર ટીવી પડતા બાળકીને ગંભીર ઈજા પહોંચી હતી. જેને સારવાર માટે મોરબી બાદ રાજકોટ અને અમદાવાદ ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન બાળકીનું મોત થયું છે. જે બનાવ મામલે જાણ થતા મોરબી સીટી એ ડિવિઝન પોલીસે નોંધી કરી વધુ કાર્યવાહી હાથધરી છે.

મોરબીમાં ટીવી માથે પડતા બાળકીને ગંભીર ઈજા પહોંચી હતી જેથી પિતા હારૂન કુરેશીએ દીકરીની સારવાર મોરબી બાદ રાજકોટમાં કરાવી હતી. પરંતુ દીકરી સ્વસ્થ ન થતા તેઓ તેને લઈ અમદાવાદ આવ્યા હતા પરંતુ અમદાવાદમાં સારવાર દરમિયાન છ વર્ષની બાળકીનું મોત નિપજ્યું હતું. જોકે છ વર્ષીય માહીનુર બાળકી ઘરમાં રમતી હતી તે દરમિયાન કયા કારણોસર ટીવી પડી હતી તે હજુ સુધી જાણી શકાયું નથી.

# માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા ‘અમે ગુજરાતી’ અસ્મિતા મિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

વિશ્વની બધી ભાષા આપણે વાંચીશું, સાંભળીશું પણ આપણું હદય તો માતૃભાષાથી જોડાશે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા યોજાયેલ 'અમે ગુજરાતી' અસ્મિતા મિલન કાર્યક્રમમાં તત્વચિંતક અને લેખક શ્રી સુભાષ ભટ્ટે જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ખાતે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા 'અમે ગુજરાતી' અસ્મિતા મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત જાણીતા તત્વચિંતક અને લેખક શ્રી સુભાષ ભટ્ટે જણાવ્યું હતું કે, જેમ ચિકુ આંબો ન થાય, લીમડો કયારે આંબો ન થાય, પરંતુ માણસમાં જ આ પરિવર્તન જોવા મળે છે. તેમણે ઉમેર્યું હતું કે, બુધ્ધિ અને હદય એક ચશ્મા છે, જો આપ બુધ્ધિના ચશ્મા પહેરશો તો અંગ્રેજીને પસંદ કરશો અને હદયના ચશ્મા પહેરશો તો આપ માતૃભાષા ગુજરાતીને પસંદ કરશો, આવું કેમ થાય તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. વિશ્વમાં એક અંદાજ પ્રમાણે ૭ હજાર જેટલી ભાષા છે, દરેક ભાષાનું આગવું મહત્વ છે, તે કોઈ ચોક્કસ સમુદાયની માતૃભાષા છે. જેથી આપણે માતૃભાષાનું સન્માન કરીએ




છીએ, તેવી રીતે તમામ ભાષાનું સન્માન આપણે કરવું જોઈએ. એટલે જ ભગવત ગીતા ૫૯ ભાષામાં ભાષાંતર થઈ છે.

અંગ્રેજી ભાષાની ઘેલછા એ ઈંગ્લેન્ડમાં જઈ ને આંબો વાવવા બરાબર છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, જેવી ભાષા આપણે ભણીએ છીએ, તેવા વિચાર આપણને આવે છે. માતૃભાષા સાથે અન્ય ભાષાનું જ્ઞાન જરૂરી છે, પણ જેટલું મહત્વ ધર્મનું છે, તેટલું મહત્વ માતૃભાષાનું હોવું જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, એક બોમ્બ ઝીંકયા વગર દેશનો વિનાશ કરવા ભાષા, સંસ્કૃતિ- ધર્મથી અલગ તેના દેશવાસીઓને કરવા જોઈએ.

પ્રતિષ્ઠાનના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે, માતૃભાષા પોતાના અસિતત્વની ત્વચા છે. ગુજરાતી ભાષાનું વસિયત કરાવી પડે તેવી સ્થિતિ બાજુ જઈ રહી છે, તેને રોકવા શું કરવું જોઈએ તેની વિસ્તૃત વાત કરી હતી. એટલા જ માટે અસ્મિતા જેવા કાર્યક્રમોની જરૂર છે. હાલના સમયમાં આપણે સ્માર્ટ ફોન, સ્માર્ટ બોયમાં આપણને રસ છે, પણ સારા માણસ બનાવવામાં માટે માતૃભાષા જ જરૂરી છે.

આ પ્રસંગે પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ શ્રી હર્ષદ શાહે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના વિવિધ કાર્યક્રમોની રૂપરેખા અને આ ટ્રસ્ટના નિર્માણ પાછળના ઉમદા આશયથી વાત કરી હતી. ટ્રસ્ટી શ્રી કિશોર જિકાદરાએ તમામ ટ્રસ્ટીશ્રીઓની વિસ્તૃત પરિચય આપ્યો હતો. કાર્યક્રમના આરંભે પ્રતિષ્ઠાનના શ્રી નારાયણ મેઘાણીએ મહાનુભાવો સહિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ' ભાષા મારી ગુજરાતી' ત્રિમાસિક મુખપત્રનું વિમોચન કરવામાં આવ્યું હતું.

# રાજકોટમાં ક્રિકેટ રમી રહેલા યુવકનું હાર્ટ એટેકથી મોત

રાજકોટ, તા.૧૯

અત્યારે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ સૌથી વધારે જાણે યુવાઓને ટાર્ગેટ કરી રહી હોય એમ લાગી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે રાજકોટમાં ક્રિકેટ રમી રહેલા યુવકનું હાર્ટ એટેક આવતા મૃત્યું નીપજ્યું છે. તેના કમકમાટી ભર્યા મોતના સમાચાર સામે આવતા જ સ્થાનિકોમાં શોકનું મોજુ ફરીવળ્યું છે. થોડા દિવસ પહેલા પણ રાજકોટમાં એક સાથે ૨ સ્પોર્ટ્સ પર્સનને હાર્ટ એટેક આવ્યા હોવાના અહેવાલો મળ્યા હતા. તેવામાં આ કિસ્સો શાંત થાય એની પહેલા જ આજે ૩૫ વર્ષીય યુવકનું મોત નીપજતા ચિંતાજનક સ્થિતિ ઉદ્ભવી છે.

અત્યારે હેલ્થી લાઈફસ્ટાઈલ એ એક ચિંતાનો વિષય બની ગયો છે. રાજકોટના યુવકનું રેસકોર્સ ખાતે ક્રિકેટ રમતા સમયે મોત થતા શોકની લાગણી પ્રસરી ગઈ છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ યુવકની ઉંમર લગભગ ૩૫ વર્ષ આસપાસ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. હજુ સુધી મોત પાછળનું પ્રાથમિક કારણ જ બહાર આવ્યું છે. આગળ વધુ તપાસ થઈ શકે એવા એંધાણ જણાઈ રહ્યા છે.

વરાછા વિસ્તારમાં પણ ક્રિકેટ રમી રહેલા યુવાનનું મોત નીપજ્યું હોવાના રિપોર્ટ્સ મળી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે સુરતનો યુવક ક્રિકેટ રમવા માટે ગયો હતો. ત્યારપછી જ્યારે તે ઘરે પરત ફર્યો ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો અને ગભરામણ પણ તેને થવા લાગી હતી. હવે આને જોતા મેડિકલ સહાય માટે પરિવાર પણ એક્ટિવ થઈ ગયું હતું. યુવકને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી દેવાયો હતો. જોકે અહીં પહોંચતા જ હોસ્પિટલમાં હાજર ડોકટરની ટીમે આ યુવકને મૃત જાહેર કરી દીધો હતો.

# સુરતમાં ૨ વર્ષની બાળકી પર એકસાથે ૩ શ્વાને હુમલો કર્યો

સુરત, તા.૧૯

શહેરમાં સતત કૂતરાઓનો આતંક વધી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ખજોદ વિસ્તારમાં બાળકી પર એકસાથે ૨થી ૩ કૂતરાઓએ હુમલો કરી દીધો હતો. આ દરમિયાન બાળકી નિઃસહાય જોવા મળી હતી. રિપોર્ટ્સ પ્રમાણે શ્વાનોએ ૪૦ જેટલા બચકા ભરી લીધા હતા. જેના કારણે તેની સ્થિતિ ગંભીર થઈ જતા તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. અત્યારે તેની સર્જરી પણ કરવી પડી હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.

સુરતના ખજોદ વિસ્તારમાં શ્વાનોએ અચાનક જ બાળકી પર હુમલો કરી દીધો હતો. બાળકીને એકપછી એક ૪૦ જેટલા બચકા ભરી લીધા હતા. આ સમગ્ર ઘટનાક્રમના પગલે સ્થાનિકોમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે. જ્યારે બીજી બાજુ બાળકીની સ્થિતિ ગંભીર હોવાથી તેને તાત્કાલિક સારવાર આપવા માટે હોસ્પિટલ લઈ જવી પડી હતી. અહીં કેની પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી. મીડિયા અહેવાલો પ્રમાણે ગંભીર ઈજાના પરિણામે બાળકીને એક્સરે માટે ખસેડવામાં આવી હતી.

# એસઆઈટીની તપાસમાં મોરબી પૂલ તૂટવાનું પ્રાથમિક કારણ સામે આવ્યું

## મોરબી દુર્ઘટનાનો SIT રિપોર્ટ જાહેર : સમારકામ કાર્ય શરૂ કર્યું તેના પહેલા મુખ્ય કેબલ અને વર્ટિકલ સસ્પેન્ડરની પણ તપાસ કરવામાં આવી ન હતી

મોરબી,તા.૧૯

મોરબી પુલ દુર્ઘટના કેસ મામલે મોટો વળાંક આવ્યો છે. સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી વિશેષ તપાસ સમિતિનો રિપોર્ટ સામે આવ્યો છે. એસઆઈટીની તપાસમાં પૂલ તૂટવાનો પ્રાથમિક કારણ સામે આવ્યો છે. ઓરેવા કંપની અને મોરબી નગર પાલિકા વચ્ચે થયેલા કરાર અંગે જનરલ બોર્ડની પૂર્વ મંજૂરી જરૂરી હતી. આ કરારમાં ઓરેવા કંપની અને નગર પાલિકાના મુખ્ય અધિકારી તેમજ પ્રમુખ અને ઉપ પ્રમુખના હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં. સમગ્ર મામલે જનરલ બોર્ડની પૂર્વ સંમતી પણ માંગવામાં આવી ન હતી. અને કરાર બાદ પણ સંમતી બાબતે પણ કંઈ પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો ન હતો.

મોરબી નગરપાલિકાના મુખ્ય અધિકારીએ સામાન્ય બોર્ડની પૂર્વ મંજૂરી વગર આ કરાર કરવો જોઈતો ન હતો. મોરબી પાલિકાના મુખ્ય અધિકારી તથા ઉપપ્રમુખ કરાર મુદ્દે કંઈ પણ ખાસ બાબતો ધ્યાનમાં રાખી નહી, તેમજ ટેકનીકલ બાબતોના જાણકારોના સલાહ સૂચન વગર સમારકામ કરી દીધું હતું એટલું જ નહી પરંતું સમારકામ કાર્ય શરૂ કર્યું તેના પહેલા મુખ્ય કેબલ અને વર્ટિકલ સસ્પેન્ડરની પણ તપાસ કરવામાં આવી ન હતી.

મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર, પ્રમુખ અને ઉપપ્રમુખે સમાધાનના મુદ્દાને યોગ્ય રીતે લીધો ન હોવાનું પણ એસઆઈટીના



રિપોર્ટમાં સામે આવ્યું છે. સક્ષમ ટેકનિકલ નિષ્ણાત અને પરામર્શ વિના સમારકામ કાર્ય કરાવ્યું હતું. સમારકામ કાર્ય શરૂ કરતા પહેલા મુખ્ય કેબલ અને વર્ટિકલ સસ્પેન્ડરની તપાસ કરવામાં આવી ન હતી. ૪૯ માંથી ૨૨ કેબલ પહેલેથી જ તોડી નાખવામાં આવ્યા હતા, જે દર્શાવે છે કે આ કેબલ બ્રિજ તૂટી પડતા પહેલા જ કેટલાક તાર કપાઈ ગયા હતા. જ્યારે અકસ્માતમાં બાકીના ૨૭ વાયર તૂટી ગયા હતા. નવા સસ્પેન્ડર સાથે જૂનું સસ્પેન્ડર જોડવામાં આવ્યું હતું.

મોરબીની મચ્છુ નદી પર આવેલા ઝૂલતા પુલનું રિનોવેશન ઓરેવા કંપનીએ રૂપિયા ૨ કરોડના ખર્ચે કર્યું હતું. ભારતમાં સીએફએલ અને એલઈડી બલ્બમાં ૧ વર્ષની વોરંટી આપવાની શરુઆત ઓરેવાએ કરી હતી. પરંતુ તેઓ આ વોરંટી પોતે રિનોવેટ કરેલા મોરબીના ઝૂલતા પુલ પર ન આપી શક્યા. ૨૬ ઓક્ટોબરથી મોરબીનો ઝૂલતો પુલ ખુલ્લો મુકવામાં આવ્યો હતો તથા ૧૨થી ૧૫ વર્ષની મજબૂતાઈની ગેરંટી આપવામાં આવી હતી. જે ૫ દિવસની અંદર તૂટ્યો અને ૧૩૫ લોકો કાળનો કોળિયો બની જતાં હાહાકાર મચી ગયો હતો.

### ગંભીર ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરિયાકાંઠાનો ૭૮૫ કિમી વિસ્તાર ઉચ્ચ જોખમવાળા ક્ષેત્રમાં અને ૯૩૪ કિમી વિસ્તાર મધ્યમથી ઓછા જોખમની શ્રેણીમાં છે.

આ વિસ્તારો જોખમના ક્ષેત્રમાં છે કારણ કે અહીં દરિયાના પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છેદક્ષિણ ગુજરાતના વલસાડ અને નવસારી જિલ્લાના કેટલાક ગામો ખતરા હેઠળ છે. ઉમરગામ તાલુકાના ૧૫ હજાર જેટલા લોકોના જીવન અને વ્યવસાય જોખમમાં છે, કારણ કે દરિયાનું પાણી તેમના ઘરમાં પ્રવેશે છે. ઉમરગામ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ સચિન માછીનું માનવું છે કે દમણ તંત્ર જે રીતે ૭ થી ૧૦ કિલોમીટર લાંબી પ્રોટેક્શન દિવાલ બનાવી છે. તેવી જ રીતે ગુજરાત સરકારે ૨૨ કિલોમીટર લાંબી પ્રોટેક્શન દિવાલ બનાવવી જોઈએ. સમુદ્રી જળસ્તરથી ગુજરાતના અનેક જિલ્લાઓ પર ખતરો મંડરાઈ રહ્યો છે.

### સરકી ગયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અદાણી ટોટલ ગેસનો સ્ટોક ફરી એકવાર લોઅર સર્કિટને સ્પર્શ કર્યો અને ૫૨ અઠવાડિયાની નીચી સપાટીએ પહોંચ્યો. બીજી તરફ અદાણી ગ્રીન એનર્જી, અદાણી પોર્ટ્સ, અદાણી પાવર, અદાણી વિલ્મર, અંબુજા સિમેન્ટ્સ અને એનડીટીવીના શેરમાં તેજી રહી. ફ્રાન્સના બિઝનેસમેન બર્નાર્ડ અર્નોલ્ટ ૧૯૨ બિલિયન ડોલરની નેટવર્થ સાથે વિશ્વના અમીરોની યાદીમાં પ્રથમ ક્રમે છે.

### બીજી ટેસ્ટમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

મર્ફી અને મેથ્યુ કુહનેમેનને ૨-૨ વિકેટ મળી હતી. અહીં ઓસ્ટ્રેલિયાને એક રનની લીડ મળી હતી, સાથે તેણે બેટરોએ દિવસની રમત પૂરી થવા સુધી એક વિકેટ ગુમાવી ૬૧ રન બનાવી લીધા હતા. એટલે કે કુલ લીડ ૬૨ રન થઈ ચુકી હતી. અહીં ઓસ્ટ્રેલિયાએ ટેસ્ટમાં પોતાની પકડ મજબૂત કરી લીધી હતી. ત્રીજા દિવસે ઓસ્ટ્રેલિયાએ ૬૧/૧ના સ્કોરથી આગળ રમવાનું શરૂ કર્યું. અહીં પહેલા સેશનમાં ભારતીય સ્પિનર્સને થોડી મદદ મળી કે ઓસ્ટ્રેલિયાની ટીમ બીજી ઈનિંગમાં માત્ર ૧૧૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાનો એકપણ બેટર પિચ પર વધુ સમય ટકી શક્યો નહીં. ઓસ્ટ્રેલિયાની ટીમે પહેલાં સત્રમાં માત્ર ૫૨ રન જોડતા ૯ વિકેટ ગુમાવી દીધી હતી. ઓસ્ટ્રેલિયાની પ્રથમ ઈનિંગમાં જાડેજાએ ૭ અને અશ્વિને ત્રણ વિકેટ ઝડપી હતી.

### જાન લઈને

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉજ્જૈનના ભેરુઘાટમાં રહેતા રાજેન્દ્ર ચૌધરીના લગ્ન શિવાની નામની યુવતી સાથે નક્કી કરવામાં આવ્યા હતા. ૧૬ ફેબ્રુઆરીના રોજ બન્નેના લગ્ન હતા, પણ ૧૩મી ફેબ્રુઆરીના રોજ એક અકસ્માતમાં યુવતીનો હાથ અને પગ બન્ને તૂટી ગયા. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. પરિવારના લોકોએ નિર્ણય લીધો કે તેઓ હોસ્પિટલમાં જ આ લગ્ન કરશે. ઉલ્લેખીય છે કે શિવાની જુલવાનિયાની રહેવાસી છે. બન્નેના પરિવારના લોકો ખંડવા જિલ્લાના ભગવાનપુરામાં રહે છે.

લગ્ન ખંડવાના પડવા વિસ્તારમાં આવેલી એક ધર્મશાળામાં નક્કી કરવામાં આવ્યા હતા. લગ્નના ત્રણ દિવસ પહેલા એક દુર્ઘટનામાં શિવાની ઈજાગ્રસ્ત થઈ ગઈ. પ્રાપ્ત જાણકારી અનુસાર એક વાહને શિવાનીને ટક્કર મારી હતી. શિવાની પોતાના ઘરેથી દુકાન પર કંઈક સામાન લેવા માટે જઈ રહી હતી. તેને બડવાનીની જિલ્લા હોસ્પિટલમાં તાત્કાલિક ધોરણે દાખલ કરવામાં આવી હતી. ત્યારપછી તેને ખંડવા લાવવામાં આવી.

બન્ને પરિવારના લોકોએ લગ્ન ટાળવાના બદલે હોસ્પિટલમાં જ લગ્ન કરવાનો નિર્ણય લીધો. હોસ્પિટલમાં જ તેમણે તૈયારીઓ શરુ કરી. હોસ્પિટલ તંત્રએ પણ લગ્ન માટે મંજૂરી આપી દીધી હતી. જનરલ વોર્ડમાં દાખલ શિવાનીને દુલ્હનની જેમ જ તૈયાર કરવામાં આવી. મેક-અપ કરવામાં આવ્યો, ઘરેણાં પહેરાવવામાં આવ્યા. તેની પથારીને મંડપની જેમ સજાવવામાં આવી. પંડિતજીએ હોસ્પિટલ આવીને લગ્ન કરાવ્યા.